નવસારીવાસીઓને રોજ લાંબો ચકરાવો

વિજલપોરમાં પાંચ વર્ષથી અધૂરો ઓવરબ્રિજ મુશ્કેલીનું કારણ

અસહ્ય ટ્રાફિક અને ધૂળથી સ્થાનિકો પરેશાન

નવસારીના વિજલપોર ખાતે આવેલો રેલવે ઓવરબ્રિજ છેલ્લા પાંચ વર્ષથી અધૂરી હાલતમાં લટકી રહ્યો છે. આ વિલંબના કારણે સ્થાનિક રહીશો સતત ટ્રાફિક જામ, ભારે ધૂળની ડમરીઓ અને લાંબા ડાયવર્ઝનથી ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ મુદ્દે વિપક્ષ દ્વારા સ્થાનિક પ્રશાસનની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે, જ્યારે સામે પક્ષે શાસક તંત્ર આગામી દિવાળી સુધીમાં બ્રિજ નાગરિકો માટે શરૂ કરી દેવાની ખાતરી આપી છે.

રેલવે ફાટક વારંવાર બંધ રહેવાના કારણે અને બ્રિજનું બાંધકામ ચાલુ હોવાથી લોકોને ગાંધી સ્મૃતિ કે સ્ટેશન રોડ પરથી લાંબો ચકરાવો કાપીને જવું પડે છે. સ્થાનિક રહીશ અભિષેક પાંડેએ જણાવ્યું હતું કે બ્રિજના મૂળ પ્લાનિંગમાં જ ખામીઓ રહેલી છે. યોગ્ય સર્વિસ રોડ બનાવવામાં ન આવતાં વેપારીઓ અને વાહનચાલકો રોજિંદા કલાકો સુધી ટ્રાફિકમાં ફસાય છે, જ્યારે ઉડતી ધૂળથી શ્વાસ સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓ પણ ઝડપથી વધી રહી છે.

કમિશનર-મેયરની નિષ્ફળ મુલાકાતનો વિપક્ષનો આક્ષેપ

કોંગ્રેસ પક્ષે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે કરોડો રૂપિયાના પ્રોજેક્ટ્સ મંજૂર કરવામાં આવે છે પરંતુ તેના પૂર્ણ થવાની કોઈ ચોક્કસ સમયમર્યાદા હોતી નથી. કોંગ્રેસના સ્થાનિક સભ્ય પ્રભાબેન વલસાડિયાએ ઉમેર્યું હતું કે કમિશનર અને મેયરની વારંવારની સ્થળ મુલાકાતો અને નિરીક્ષણ છતાં કામગીરીમાં કોઈ ઝડપ આવી નથી. સ્થાનિક પ્રજા પાંચ વર્ષથી કાયમી ઉકેલની રાહ જોઈને થાકી ગઈ છે.

દિવાળીમાં ઓવરબ્રિજ ખૂલ્લો મૂકવાની ખાતરી

બીજી તરફ મેયર અશોકભાઈ ધોરાજીયાએ દાવો કર્યો છે કે કામ ઝડપથી પૂરું કરવા પ્રશાસન દ્વારા તમામ શક્ય પ્રયાસો હાથ ધરાયા છે. અટકેલા ફંડની ચુકવણી કરી દેવાઈ છે અને ચોમાસા દરમિયાન પણ કામગીરી ચાલુ રખાઈ હતી. તમામ ટેકનિકલ અડચણો દૂર કરાઈ હોવાથી આગામી દિવાળીના તહેવારો દરમિયાન આ ઓવરબ્રિજ નાગરિકો માટે ખુલ્લો મૂકી દિવાળીની ભેટ આપવાની પૂરી તૈયારી છે.

વિજલપોરની વેદના

તંત્ર અને સત્તાધીશો દ્વારા દિવાળી સુધીમાં બ્રિજ ચાલુ કરવાના દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ પાંચ વર્ષથી અસહ્ય પીડા ભોગવી રહેલા વિજલપોરના નાગરિકો હવે માત્ર વાયદાઓ નહીં પરંતુ પ્રત્યક્ષ રાહત ઈચ્છી રહ્યા છે. સ્થાનિકોમાં એ ચર્ચાનો વિષય બન્યો છે કે આ વખતે તંત્રનો દાવો સાચો પડશે કે પછી જનતાને હજુ પણ લાંબી રાહ જોવી પડશે.

શિક્ષણ સુધારા વિધેયક અને FRCની જટિલતાઓ સામે રોષ

નવસારી જિલ્લાની ૧૦૦ શાળાની બંધની ચીમકી

માંગણીઓ નહીં સંતોષાય તો ૯ અને ૧૦ ડિસેમ્બરે જિલ્લાની ૧૦૦ શાળા બંધ રહેશે

પડતર પ્રશ્નોના ઉકેલ માટે શાળા સંચાલક મહામંડળ દ્વારા ઉગ્ર વિરોધની ચીમકી

નવસારી : સ્વનિર્ભર શાળાઓના પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવાની માગ સાથે ગુજરાત રાજ્ય સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળે શરૂ કરેલા અસહકાર આંદોલનને નવસારી જિલ્લાના સંચાલકોએ પણ ટેકો જાહેર કર્યો છે. સરકાર દ્વારા માગણીઓ અંગે સંતોષકારક નિર્ણય લેવામાં નહીં આવે તો ૯ અને ૧૦ ડિસેમ્બરના રોજ નવસારી જિલ્લાની આશરે ૧૦૦ સ્વનિર્ભર શાળાઓ બંધ રાખવામાં આવશે તેવી ચીમકી આપવામાં આવી છે.

શાળા સંચાલકોના જણાવ્યા અનુસાર, શિક્ષણ સુધારા વિધેયક-૨૦૨૬ની કેટલીક જોગવાઈઓ અને ફી રેગ્યુલેટરી કમિટી (FRC)ની પ્રક્રિયાઓને લઈને અનેક પ્રશ્નો છે. આ મુદ્દાઓ અંગે સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યાઓનો ઉકેલ ન આવતાં સંચાલકોમાં નારાજગી વધી રહી છે. શાળાઓના વહીવટ, સ્વાયત્તતા અને સંચાલનને લગતા પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટે મહામંડળ દ્વારા રાજ્યવ્યાપી આંદોલનનો માર્ગ અપનાવવામાં આવ્યો છે.

આંદોલનના ભાગરૂપે રાજ્યના વિવિધ ઝોનમાં સંમેલનો યોજવાની અને ત્યારબાદ ગાંધીનગર ખાતે સરકાર સમક્ષ સામૂહિક રજૂઆત કરવાની તૈયારી ચાલી રહી છે. આ કાર્યક્રમોમાં નવસારી જિલ્લાના શાળા સંચાલકો પણ ભાગ લેશે. સંચાલકોનું માનવું છે કે શિક્ષણ ક્ષેત્રમાં સુધારા કરતી વખતે શાળાઓની વ્યવહારુ મુશ્કેલીઓ અને તેમની રજૂઆતોને પણ યોગ્ય મહત્ત્વ મળવું જોઈએ.

સ્વનિર્ભર શાળાઓના રક્ષણ માટે પ્રશ્નોનો ઉકેલ જરૂરી

મહામંડળના દક્ષિણ ઝોનના ઉપપ્રમુખ મનોજ જીવાણીએ જણાવ્યું હતું કે સ્વનિર્ભર શાળાઓના હિત અને સ્વાયત્તતાના રક્ષણ માટે પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવો જરૂરી છે. શિક્ષણ સુધારા વિધેયકની વિસંગતતાઓ અને FRCની જટિલતાઓ અંગે સરકાર દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો મહામંડળના કાર્યક્રમ મુજબ નવસારી સહિત દક્ષિણ ગુજરાતની શાળાઓ ૯ અને ૧૦ ડિસેમ્બરે બંધ પાળીને વિરોધ નોંધાવશે.

સંચાલકોની માંગણી

૧. FRC પ્રક્રિયામાં સુધારો ફી મર્યાદામાં વધારો: FRC ના નિયમો હેઠળ હાલ નક્કી કરાયેલી ફી મર્યાદામાં સમય અનુસાર વધારો કરવામાં આવે જેથી વધતી જતી મોંઘવારી અને વહીવટી ખર્ચને પહોંચી વળાય.
૨. RTE રીઇમ્બર્સમેન્ટની સમયસર ચુકવણી: RTE એક્ટ હેઠળ ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવતા ગરીબ અને વંચિત વર્ગના બાળકોની સરકાર તરફથી મળતી સબસિડી/ફી રીઇમ્બર્સમેન્ટની રકમ દર વર્ષે નિયમિત અને સમયસર ચૂકવવામાં આવે.
૩. શાળા મંજૂરી, BU પરમિશન અને ફાયર NOC : જૂની અને નાની શાળાઓ માટે BU પરમિશન, પ્લાન પાસિંગ અને ફાયર સેફ્ટી NOC ના કડક નિયમોમાં વ્યવહારુ સુધારા અને પૂરતો સમય આપવામાં આવે
૪. શિક્ષકો અને શાળા કર્મચારીઓની સુરક્ષા : શાળાઓમાં શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફ સામે થતા અણબનાવો, ધાક-ધમકી કે હુમલાઓ સામે યોગ્ય કાનૂની અને પોલીસ સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે.

ફેક્ટરીમાં સ્વચ્છતાનો અભાવ અને ખામીઓ જોવા મળી

દમણમાં ભેળસેળયુક્ત ઘી બનાવતી ફેક્ટરી ઝડપાઈ

ખાદ્ય સુરક્ષા વિભાગની મોટી કાર્યવાહીમાં 8,224 કિલોથી વધુ શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત

દમણ : સંઘપ્રદેશ દમણમાં સુકૂન બ્રાન્ડના નામે ઘીનું ઉત્પાદન કરતી ફેક્ટરીમાંથી 8,224 કિલોથી વધુ શંકાસ્પદ ભેળસેળયુક્ત ઘીનો જથ્થો જપ્ત કર્યો છે.

મળતી માહિતી અનુસાર, દમણના કચીગામ વિસ્તારમાં આવેલી મેસર્સ સવિતા ફૂડ પ્રોડક્ટ્સ નામની ઘી ઉત્પાદન અને પ્રોસેસિંગ ફેક્ટરીમાં ખાદ્ય સુરક્ષા વિભાગની ટીમે તપાસ હાથ ધરી હતી. નોટિસ આપવામાં આવી હોવા છતાં ફેક્ટરીમાં ગંભીર ગેરરીતિઓ જોવા મળતાં વિભાગે કડક કાર્યવાહી કરી હતી. તપાસ દરમિયાન ફેક્ટરીમાં તૈયાર કરવામાં આવતું ઘી ગુણવત્તાના નિર્ધારિત માપદંડો પર ખરું ઊતરતું ન હોવાનું સામે આવ્યું હતું. પ્રયોગશાળાના પરીક્ષણમાં ઘીના નમૂના નિષ્ફળ ગયા હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત, ઘીના ઉત્પાદનમાં વનસ્પતિ ફેટની ભેળસેળ કરવામાં આવી હોવાની બાબત પણ તપાસમાં સામે આવી હતી. ખાદ્ય સુરક્ષા વિભાગની ટીમે ફેક્ટરીમાંથી કુલ 8,224.37 કિલોગ્રામ ઘીનો જથ્થો જપ્ત કર્યો હતો. આ ઘી અધિકૃત રીતે જપ્ત કરી તેને સુરક્ષિત રાખવામાં આવ્યું છે. તપાસ દરમિયાન ફેક્ટરી પરિસરમાં સ્વચ્છતાનો અભાવ અને કાચા માલના સંગ્રહ તથા સંચાલનમાં પણ ગંભીર ખામીઓ જોવા મળી હતી. આ ઉપરાંત, ફેક્ટરીમાં કાર્યરત કર્મચારીઓના જરૂરી મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ ઉપલબ્ધ ન હોવાનું તથા કાચા માલની ખરીદી અને તેના ઉપયોગ અંગેની ટ્રેસેબિલિટી સંબંધિત વિગતો પણ યોગ્ય રીતે રજૂ કરવામાં આવી ન હોવાનું સામે આવ્યું હતું.

મોબાઈલમાં અપડેટ અને ખાતામાંથી નાણાં ગાયબ!

નવસારીમાં PhonePeથી પેમેન્ટ ન થતાં તપાસ કરાવી તો ખાતામાંથી અન્ય બેંકમાં રકમ ટ્રાન્સફર થઇ ગયા

નવસારી : નવસારીમાં સાયબર છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં મોબાઈલ ફોનમાં અચાનક થયેલી ટેકનિકલ ગતિવિધિ બાદ એક ટ્રક ડ્રાઇવરના બેંક ખાતામાંથી ૯૮,૦૦૦ રૂપિયા સરી પડ્યા હતા.

ઉન વિસ્તારની શ્રદ્ધા કોર્પોરેશનમાં ટ્રક ડ્રાઇવર તરીકે નોકરી કરતા રાજન અમરનાથ પાલના ખાતામાંથી તેમની જાણ બહાર આ મોટી રકમ ટ્રાન્સફર થઈ હતી.

ઘટનાની વિગતો મુજબ, ગત ૨૦ ઓગસ્ટના રોજ સાંજે નોકરી પર હતા ત્યારે તેમના મોબાઈલની સ્ક્રીન પર અચાનક 'ઓટોમેટિક મોબાઈલ અપડેટ' લખાયેલો સંદેશ દેખાયો હતો. આ સંદેશ બાદ તેમનો ફોન બંધ થઈ ગયો હતો અને ૧૫ થી ૨૦ મિનિટ પછી ફરી ચાલુ થયો હતો. ત્યારબાદ બીજા દિવસે જ્યારે તેમણે નાસ્તાનું બિલ ચૂકવવા PhonePeનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે પેમેન્ટ નિષ્ફળ ગયું હતું.

આ શંકાસ્પદ સ્થિતિમાં બેંકમાં જઈને સ્ટેટમેન્ટ કઢાવતા કોસ્મોસ કો-ઓપરેટિવ બેંકના ખાતામાંથી ૯૮,૦૦૦ રૂપિયા યશ બેંકના અન્ય ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હોવાની જાણ થઈ હતી. આ બાબતે પોતાની કોઈ જ મંજૂરી ન હોવાથી તેમણે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફોન કરીને ફરિયાદ નોંધાવી હતી અને ત્યારબાદ નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઇસમો સામે ગુનો દાખલ કરાવ્યો હતો.

નાનાપોંઢા તાલુકા કોંગ્રેસમાં વિવાદ

ગત ચૂંટણીઓમાં પરાજય છતાં નેતાઓની નિષ્ક્રિયતા સામે સવાલો ઉઠાવી નવું નેતૃત્વ લાવવા માંગ કરાઈ

વલસાડ : પંચાયતોની ચૂંટણી અગાઉ નાનાપોંઢા તાલુકા કોંગ્રેસ સમિતિની પ્રમુખ સહિત સમિતિની થયેલી રચના વિવાદમાં ઘેરાઈ છે. નવી સમિતિની રચના સામે બહોળો વિરોધ હોવા છતાં જિલ્લા પ્રદેશ કોંગ્રેસ નેતાઓએ કોઈ કાર્યવાહી ન થતા નવા પ્રમુખ તરીકે મોટાપોંઢાના પીઢ રાજકારણી ગણેશ પટેલના પુત્ર ગિરીશ પટેલની સર્વાનુમતે વરણી થઈ હતી.

નાનાપોંઢા તાલુકા કોંગ્રેસ સમિતિની પુનઃ રચના તથા તાલુકા પ્રમુખની નિમણૂંક સહિતના મુદ્દાઓ સાથે અરનાલામાં હોદ્દેદારો, કાર્યકરોની ઉપસ્થિતિ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં તાલુકાની પ્રથમ ચૂંટણીઓમાં પણ 20 બેઠકોમાંથી માત્ર 2 બેઠકો કોંગ્રેસને મળી હતી. છતાં પ્રમુખ બદલવા, નવી સમિતિ બનાવવા કે ગત ચૂંટણીઓમાં ઉમેદવારો સાથે સંકલન સાધવામાં સ્થાનિક નેતાઓ કે જિલ્લાના નેતાઓ નિષ્ફળ જ રહ્યા. તેવી રજૂઆત કાર્યકરોએ કરી હતી અને અમને નવો જ પ્રમુખ જોઈએ તેવો એકજૂથ થઈ સૂર વ્યક્ત કર્યો હતો. ત્યારે સક્રિય, સ્વીકાર્ય નવા પ્રમુખની નિમણૂંક અને તાલુકા કોંગ્રેસ સમિતિની ફરી પૂર્ણરૂપે રચના કરવામાં આવે તેવી રજુઆત થતા આખરે તમામે ગિરીશ પટેલની દરખાસ્ત કરતા તેમની સર્વાનુમતે વરણી થઈ હતી. સુખાલા બેઠકના સભ્ય કુંજાલી પટેલ, મોટાપોંઢાના પીઢ આગેવાન બાબુ વરઠા સહિત કેટલાક વર્તમાન સરપંચો, માજી સરપંચો, આગેવાનો હાજર રહ્યા હતાં.

નવસારી મનપાના ઓડિટ રિપોર્ટ માટે કોંગ્રેસની માંગ

નવસારી : નવસારી મહાનગરપાલિકાના પાછલા વર્ષોના ઓડિટ રિપોર્ટ મેળવવા કોંગ્રેસનાં કોર્પોરેટર પ્રભા નરેશકુમાર વલસાડીયાએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી છે. વોર્ડ નંબર-૪નાં કોર્પોરેટર વલસાડીયાએ ઓડિટ રિપોર્ટનું નિરીક્ષણ કરવાની મંજૂરી આપવા તથા તેની પ્રમાણિત નકલો તાત્કાલિક ઉપલબ્ધ કરાવવાની માગ કરી છે.

પ્રભા વલસાડીયાના જણાવ્યા અનુસાર, મહાનગરપાલિકાની આવક-જાવક, ખર્ચ અને નાણાકીય વ્યવહારોની વિગતો મેળવવા અગાઉ પણ રજૂઆતો કરવામાં આવી હતી. તેમ છતાં ઓડિટ રિપોર્ટનું નિરીક્ષણ કરવા અને નકલો મેળવવામાં મુશ્કેલી પડતી હોવાની તેમણે ફરિયાદ કરી છે. તેમણે કમિશનર સમક્ષ માગ કરી છે કે રિપોર્ટ તપાસવા માટે તારીખ અને સમય ફાળવવામાં આવે તથા નિયમો અનુસાર પ્રમાણિત નકલો આપવામાં આવે. જો કોઈ કાયદાકીય મર્યાદાને કારણે દસ્તાવેજો આપી શકાય તેમ ન હોય તો તેના કારણો સહિત લેખિત જવાબ આપવામાં આવે.

જાહેર નાણાંના ઉપયોગમાં પારદર્શિતા જળવાય તે માટે ઓડિટ રિપોર્ટ મહત્ત્વપૂર્ણ હોવાનું જણાવતાં તેમણે ચીમકી આપી છે કે જરૂરી દસ્તાવેજો નહીં મળે તો સક્ષમ સત્તાધિકારીઓ સમક્ષ રજૂઆત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

વાંસદા BRC ભવનમાં ધૂળ ખાતાં નવા નક્કોર પુસ્તકો

શૈક્ષણિક કેન્દ્રમાં કચરાના ઢગલા અને નળમાં પાણી ન હોવાથી તાલીમાર્થી શિક્ષકો પરેશાન

વાંસદા : વાંસદા તાલુકાના બાળકોના શિક્ષણ માટે ઉપયોગી પુસ્તકો BRC ભવનમાં ધૂળ ખાતી હાલતમાં જોવા મળતાં શિક્ષણ વિભાગની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. જ્યાં શિક્ષકો માટે તાલીમ સહિતની શૈક્ષણિક પ્રવૃત્તિઓ યોજાતી હોય છે. ત્યારે અહીં જ પુસ્તકો ધૂળ ખાતી હાલતમાં જોવા મળતાં તેમની જાળવણી અને ઉપયોગ અંગે તપાસ કરવાની જરૂર જણાય છે. આ પુસ્તકો વિદ્યાર્થીઓમાં વિતરણ કરવાના બાકી છે કે અગાઉના વિતરણ બાદ વધેલા છે, તે અંગે સ્પષ્ટતા થવી જરૂરી છે. જો પુસ્તકોનો ઉપયોગ વિદ્યાર્થીઓના અભ્યાસ માટે થવાનો હોય, તો તેનો યોગ્ય રીતે સંગ્રહ કરી સમયસર વિતરણ થાય તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. આ ઉપરાંત, BRC ભવનના કમ્પાઉન્ડમાં કચરાના ઢગલા જોવા મળતાં સ્વચ્છતાની વ્યવસ્થા સામે પણ સવાલો ઊભા થયા છે.

ભવનમાં તાલીમ માટે આવતા શિક્ષકોને જમ્યા બાદ હાથ ધોવા માટે પાણીના નળની સુવિધા ઉપલબ્ધ ન હોવાની બાબત પણ ધ્યાન પર આવી છે.

ઓવરબ્રિજ નીચેની દુકાનોનો વિવાદ યથાવત્

૭ મહિના વીતવા છતાં સમાધાનનો અમલ ન થતા બીલીમોરા પાલિકા સભ્યની ચીફ ઓફિસરને લેખિત રજૂઆત

કોર્ટની મંજૂરી છતાં સ્થળ પર દુકાનોની સંખ્યામાં વિસંગતતાથી અટકી કામગીરી

બીલીમોરા : બીલીમોરામાં ઓવરબ્રિજ બન્યા બાદ તેના સર્વિસ રોડના નિર્માણ માટે ઓવરબ્રિજ નીચે આવેલી દુકાનો હટાવવાના મુદ્દે શરૂ થયેલો વિવાદ હજુ સંપૂર્ણપણે ઉકેલાયો નથી. દુકાનો હટાવવાની કાર્યવાહી સામે દુકાનદારો કોર્ટમાં ગયા હતા. ત્યારબાદ પાલિકાએ સમાધાનની પ્રક્રિયા હાથ ધરી હતી. જોકે, સાત મહિના વીતી જવા છતાં કામગીરી પૂર્ણ ન થતાં પાલિકાના સભ્ય મલંગ કોલીયાએ ચીફ ઓફિસરને પત્ર લખી સમગ્ર પ્રશ્નનો ઉકેલ લાવવા રજૂઆત કરી છે.

અગાઉ બે સામાન્ય સભા યોજાઈ છતાં ઉકેલ આવ્યો નથી

આ મુદ્દે અગાઉ બે સામાન્ય સભાઓ યોજાઈ હોવા છતાં ઉકેલ આવ્યો નથી. તેથી સમગ્ર મામલો આગામી બોર્ડમાં રજૂ કરી કોર્ટના હુકમ મુજબ કાર્યવાહી કરવા અને દુકાનદારોની મુશ્કેલી સાથે અકસ્માતનું જોખમ દૂર કરવા તેમણે માગ કરી છે. કોર્ટમાં થયેલા સમાધાનનું પાલન ન થાય તો કોર્ટના અનાદરનો પ્રશ્ન ઊભો થઈ શકે તેવી રજૂઆત પણ કરવામાં આવી છે.

પત્રમાં જણાવ્યા મુજબ, પાલિકા અને દુકાનદારો વચ્ચે થયેલા સમાધાનને ચીફ ઓફિસર દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું હતું, જેને મંજૂરી મળી હતી. સમાધાન મુજબ દુકાનદારોએ પોતાની દુકાનો પાલિકાને સોંપવાની હતી. જોકે, કોર્ટમાં ૧૨ દુકાનોનો ઉલ્લેખ હોવા છતાં સ્થળ પર માત્ર ૮ દુકાનો જ હોવાનું જણાવાતાં સમાધાનના અમલની પ્રક્રિયા અટકી પડી છે. મલંગ કોલીયાના જણાવ્યા મુજબ, ઓવરબ્રિજની એક બાજુનો દાદર પણ અધૂરો છે. તેના કારણે વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડે છે અને રેલવે ક્રોસિંગ પરથી પસાર થતી વખતે અકસ્માતનું જોખમ રહે છે. દુકાનો હટાવવા તથા સર્વિસ રોડના કામનો પ્રશ્ન લાંબા સમયથી લંબાતાં શહેરના વિકાસને પણ અસર થઈ રહી છે.

સનાતન ધર્મ નો સનાતન ઉત્સવ

શરદપૂર્ણિમા દૂધોત્સવ

સમગ્ર વિશ્વમાં એક માત્ર નવનાથ ધામ ખાતે સૌથી વિશાળ કક્ષાએ ઉજવાતો દૂધોત્સવ જેને "limca બુક ઓફ રેકોર્ડ્સ" માં પણ સ્થાન મળેલ છે.

શાબરી મંત્રો થી અભિમંત્રિત જડીબુટ્ટીઓ યુક્ત દૂધ મહાપ્રસાદ

તા. ૨૫/૧૦/૨૦૨૬, રવિવાર

સાંજે ૫:૦૦ થી રાત્રે ૧૨:૦૦ કલાકે

સ્થળ: નવનાથ ધામ, બીલીમોરા

નવનાથ ધામના ભંડારામાં શુદ્ધ દેશી ઘી માં બનેલ ઘારી પણ મળશે.

જાહેર નોટીસ

મોજે : પરૂજણ તા.જલાલપોર જી.નવસારીની સીમમાં જુનો બ્લોક નં.૨૦૯ નો નવો બ્લોક નં. ૨૩૦ ક્ષેત્રફળ ૧-૩૧-૫૬ આકાર ૬.૬૫ વરાડે પડતો વાળી જુની શરતની ખેતીની જમીનના માલીક ૧. ભુપેન્દ્રભાઈ બાલુભાઈ પટેલ.ના એ તેઓની સયુકત માલીકીની તથા કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલ એ સદરહું જગ્યા ખરીદી કરવાના હોય.સદર ખેતીની જમીનના હમારી પાસે ટાઇટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માટે તમામ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જેથી ઉપરોકત જમીનમાં અન્ય કોઈના કાંઈપણ - પ્રકારના લાગભાગ, દરદાવો, હક્ક, હિસ્સો, હિત, સબંધ, ગણોત હક્ક, દરમેલ હક્ક, ખાધાખોરાકી યા લીયનનાં હક્કો યા ઈઝમેન્ટનાં હક્કો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ -પ્રસિધ્ધિ થયેથી દિન - ૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો નિયત સમયમાં કોઈપણ - પ્રકારની રજુઆતો કરવામાં નહિં આવશે તો મુદત વિતે હમો ટાઇટલ કલીયર સર્ટીફીકેટ ઇસ્યુ કરીશું. ત્યારબાદ ઉપરોકત જણાવેલ મિલકત અંગે ભવિષ્યમાં મિલકતનાં ટાઇટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

આશિષકુમાર એ. પટેલ - એડવોકેટ

એરૂ ગામ,મોટાફળીયા,ટેકરી વિભાગ તા.જલાલપોર જી.નવસારી મોબા. નં. ૯૯૨૫૧ ૭૮૩૯૨

શું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ?

બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ

મજુરી

નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ

R.A. Parikh 5.9%*

નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.

આજે રવિવારે શોરૂમ ચાલુ રહેશે.

Jewellers NX ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181

મે. નવસારીના પ્રિન્સી.સીની.સિવિલ જજ સાહેબની કોર્ટમાં, નવસારી

સીવીલ પરચુ.અરજી(સકશેસન સર્ટી) નંબર :૩૬/૨૦૨૬
ઠરાવ તારીખ : ૨૧/૧૧/૨૦૨૬
આંક :- ૫

અરજદાર:- મર્હુમ જીવણભાઈ ઉકાભાઈ પટેલના વારસદારો (૧)જયંતકુમાર જીવણભાઈ પટેલ, ઉ.વ.આ. ૭૦, ધંધો- નિવૃત્ત, રહે. ૪૨૪, દેસાઈ ફળીયું, દાંડી, તા. જલાલપોર, જી.નવસારીના જાતે પોતે તથા અરજદાર નં. ૨ ના કુલમુખત્યાર તરીકે.
(૨)અશોકકુમાર જીવણભાઈ પટેલ, ઉ.વ.આ. ૬૬, ધંધો- નિવૃત્ત, રહે. ૪૨૪, દેસાઈ ફળીયું, દાંડી, તા.જલાલપોર, જી. નવસારી, હાલ રહે. 164, Hallmark Ave. Etobicoke4 Ontario M8W 4K8

વિરુધ્ધ

વિ.વ.શ્રી.જે.વી.સોલંકી

સામાવાળાઃ-કોઈ નહી.

આથી આ પેપર પ્રસિધ્ધી આપી જણાવવાનુ કે, ઉપરોકત વારસાઈ પરચુરણ અરજના અરજદારોના પિતા મરહુમ જીવણભાઈ ઉકાભાઈ પટેલના ઓનુ અવસાન તા.૨૦/૧૦/૨૦૧૧ના રોજ બીનવસીયત અવસાન પામેલ છે. મરહુમ જીવણભાઈ ઉકાભાઈ પટેલના નામે રીલાયન્સ ઈન્ડસ્ટીઝ લીમીટેડના શેર ચાલી આવેલ છે તે અંગે વારસા સર્ટીફીકેટ મેળવવા ઉપરોકત નંબરથી અરજ દાખલ કરેલ છે. સદરહુ પરચુરણ અરજની સુનવણી ઉપરોકત ઠરાવ તારીખ ૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૪૫ કલાકે મે. નવસારીના મે.પ્રિન્સી. સીની. સિવિલ જજ સાહેબની કોર્ટમાં રાખવામાં આવેલ છે.તો આ અરજ વિરુધ્ધ જો કોઈ ઈસમને વાંધો, વિરોધ વિગેરે હોય તો તેમણે જાતે અગર યોગ્ય તિનિધી/વકીલશ્રી મારફતે હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારોને માંગ્યા મુજબનુ વારસાઈ સર્ટીફિકેટ આપવાનો હુકમ ફરમાવવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૨મી માહે ઓકટોબર ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટ નો સિક્કો કરી આપ્યો.

હુકમથી,
(બી.એસ.જાદવ)
ઈ.ચા.રજીસ્ટ્રાર
મુખ્ય સિનિયર સિવિલ કોર્ટ, નવસારી

તૈયાર કરનાર (એ. બી. ગરાસિયા) આસિસ્ટન્ટ

કોર્ટનો સિક્કો

મુકાબલ કરનાર (કે.કે.પટેલ) ડે.રજીસ્ટાર

Vapi Green Enviro Limited – Tender Notice

Vapi Green Enviro Limited (VGEL) is Inviting sealed offer for Tender for Supply and Application of Industrial Grade Paints for (1) Civil Building (Interior and Exterior) and (2) MS Plant Structure at CETP, COE, CSWP Site. Tender may be downloaded from 24-10-2026 onwards. Last submission date till 17/11/2026. Interested parties with similar type of work experience may download the tender documents from www.vgelvapi.com or request e-mail to dgm.purchase@vgelvapi.com or call 9714000828.